# શોભાયાત્રામાં પથ્થરમારો કરીને હિંસા ફેલાવાનું ઘડાયું હતું કાવતરું

**ખંભાત હિંસામાં ચોંકાવનારો ખુલાસો : ખંભાતના જ લોકો હોય તો તેમની ઓળખ થઇ શકે એટલે ખંભાતની બહારના લોકોને બોલાવવામાં આવ્યા હતા**

ખંભાત, તા.૧૩

રામનવમીના દિવસે શોભાયાત્રા દરમિયાન હિંમતનગર અને ખંભાતમાં કોમી છમકલા થયા હતા. જેમાં ખંભાતમાં થયેલી હિંસા અંગે ગુજરાત પોલીસે મોટા ખુલાસા કર્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, રામનવમીની શોભાયાત્રાની મંજૂરી મળ્યા બાદ જ આ હિંસા ફેલાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ હિંસામાં ૩ મૌલવી અને અન્ય બે શખ્સોએ આ ષડયંત્ર ઘડ્યું હતુ. આ ષડયંત્રને પાર પાડવા માટે બહારથી લોકોને બોલાવવામાં આવ્યા હતા.

ખંભાતમાં ફેલાયેલી હિંસા બાદ મુસ્તકીમ મૌલવી, મતીન-મોહસીન નામના ત્રણ મૌલવીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ત્રણેવ ભાઈઓ છે. આ સાથે ૧૦૦થી વધુ લોકોના ટોળાં સામે પણ ફરિયાદ નોંધવામાં આવી હતી. જે બાદ આ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, આ લોકોએ રામનવમીના આગળના દિવસે એટલે કે, શનિવારે જ આ આખા ષડયંત્રને બનવવામાં આવ્યો હતો. આ કાવતરા માટે ખંભાતની બહારથી માણસો બોલાવવામાં આવ્યા હતા. કારણ કે, ખંભાતના જ લોકો હોય તો તેમની ઓળખ થઈ શકે છે. તે માટે ખંભાતની બહારના લોકોને બોલાવવામાં આવ્યા હતા. જોકે, આ એક બાદ એક આ લોકોની ઓળખ થઈ રહી છે. આ લોકો પર વૈમનસ્ય ફેલાવવાનો, હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો લગાવવામં આવ્યો છે. આ કવતરામાં કોણ લોકોને બહારથી લાવવામાં આવ્યા હતા અને તેમને કયા કામ સોંપ્યા હતા તે પોલીસ તપાસમાં સામે આવી ગયું છે. આ મામલામાં આ કાવતરાને અંજામ આપવા માટે પહેલાથી જ પથ્થરો ભેગા કરવામાં આવ્યા હતા. ખંભાતમાં પહેલા પથ્થરમારો અને પછી આગચંપીનો બનાવ બન્યો હતો. આ કેસમાં આ લોકોને કોણ રૂપિયાની મદદ કરતું હતું તે અંગેની પણ મૌલવીઓ પાસેથી પૂછપરછ કરવામાં આવી રહી છે. આવા કાવતરાને અંજામ આપવા માટે રૂપિયા ક્યાંથી, કઇ રીતે અને કોણે આપ્યા એ જાણવું પણ ઘણું જ અગત્યનું છે.

# કર્ણાવતી યુનિવર્સિટી ખાતે સૌથી વધુ ૭૫૦૦ દિવ્યાંગ રમતવીરોની આરોગ્ય ચકાસણી

**સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત અંતર્ગત દેશભરમાં એક સાથે ૯૦ હજારથી વધુ દિવ્યાંગજનોની "વિક્રમી" આરોગ્ય ચકાસણી : ૩૧ રાજ્યોના ૭૫ શહેરોમાં ૧૩૯ સ્થળોએ ૭૦૭૫ ક્લિનિકલ સ્વયંસેવકો દ્વારા સ્ક્રીનિંગ કરાયું**

ગાંધીનગર, તા.૧૧

ભારત સરકારની આઝાદી કા અમૃત મહોત્સવ પહેલ અંતર્ગત તા.૭મી એપ્રિલ વિશ્વ આરોગ્ય દિવસે સ્પેશિયલ ઓલિમ્પિક્સ દ્વારા બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા રમતવીરો માટેના આયોજિત સૌથી મોટા રાષ્ટ્રીય આરોગ્ય ફેસ્ટનું ગઈકાલે સફળતાપૂર્વક સમાપન કરાયું હતું. આ નેશનલ હેલ્થ ફેસ્ટમાં આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે દેશના ૭૫થી વધુ શહેરોમાં મળીને ૯૦હજારથી વધુ દિવ્યાંગજન રમતવીરોની નિઃશુલ્ક સ્વાસ્થ્ય ચકાસણી કરવામાં આવી હતી. એકસાથે ૩૧ રાજ્યોમાં ૧૩૯ સ્થળોએ ૭૦૭૫ ક્લિનિકલ સ્વયંસેવકો દ્વારા સ્ક્રીનિંગ હાથ ધરવામાં આવ્યું હતું જે અંતર્ગત ગાંધીનગરના ઉવારસદ ખાતેની કર્ણાવતી યુનિવર્સિટીમાં કોઈ પણ એક સ્થળે સૌથી વધુ સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું, જ્યાં સ્પેશિયલ ઓલિમ્પિક્સની મુખ્ય આરોગ્ય તપાસ પહેલ હેઠળ ૭૫૦૦થી વધુ રમતવીરોની તપાસ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કર્ણાવતી યુનિવર્સિટીના એડિશનલ ડિરેક્ટર પ્રોફેસર ડો. રોહન ભટ્ટે જણાવ્યું હતું






કે, "સ્ક્રીનિંગના દિવસે અમારી પાસે ૧૮૦૦થી વધુ સ્વયંસેવકો હતા, જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ડોકટરો અને માસ્ટર્સના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. અહીં અમારા પરિસરમાં ૭૫૦૦થી વધુ બૌદ્ધિક રીતે અક્ષમ એથ્લેટ્સનું સ્ક્રીનિંગ સફળતાપૂર્વક હાથ ધરવાના આ વિશાળ કાર્યને સફળ બનાવવામાં તેમણે આપેલા યોગદાન બદલ હું તમામનો આભાર વ્યક્ત કરું છું.

નેશનલ હેલ્થ ફેસ્ટનું સમાપન અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભવ્ય ઉજવણી સાથે કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર રજનીકાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "આજનો દિવસ ગુજરાત માટે ખાસ બની ગયો છે. આ કાર્યક્રમ બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે અને વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે એક અનન્ય અને પ્રેરણાદાયી બની ગયો છે. આ નેશનલ હેલ્થ ફેસ્ટ હેલ્થકેરનું ઉદાહરણ બનશે અને બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા લોકોના સ્વાસ્થ્યને વેગ આપશે. આ કાર્યક્રમે તેમના જીવનમાં એક નવો માર્ગ દર્શાવ્યો છે."

સ્પેશિયલ ઓલિમ્પિક ભારતના ચેરપર્સન ડો.મલ્લિકા નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંદેશને વાંચ્યો હતો. આ સાથે ડો.નડ્ડાએ જણાવ્યું હતું કે, "સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારતે આજે એક રાષ્ટ્રીય આરોગ્ય ઉત્સવનું આયોજન કર્યું છે, જેની બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા એથ્લેટ્સ પર મહત્વની અસર સર્જાઈ છે. આ પ્રસંગે સ્ટાર ભારતીય એથ્લીટ્સ યોગેશ્વર દત્ત અને બબીતા ફોગટ પણ હાજર રહ્યા હતા.

આરોગ્ય ચકાસણી માટે ત્રણ આરોગ્ય પદ્ધતિઓને આવરી લેવાઈ હતી જેમાં સ્પેશ્યલ સ્માઈલ (ડેન્ટલ), ઓપનીંગ આઈઝ (આંખની તપાસ) તથા હેલ્થ પ્રમોશન (પ્રિવેન્ટીવ અને ન્યૂટ્રિશન)નો સમાવેશ થાય છે, જેમાં વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રની અદ્યતન આરોગ્ય પ્રણાલીઓમાં એસઓ ભારત એથ્લેટ્સને સમાવવાના સંદેશને સમર્થન આપતી કેટલીક તબીબી સંસ્થાઓ એક મંચ પર આવી હતી.

# પ્રાંતિજ પાલિકાએ ખરીદી કરેલ લીટરબીન તથા હેડકારની ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની રાવ

**અધિકારી તથા પદાધિકારીઓની મીલીભગત થી ઉચા ભાવે ખરીદી થઇ હોવાના આક્ષેપ : બજાર કિંમત કરતા વધુ ચુકવણી કરતા નગરમા ચર્ચાઓએ જોર પકડયુ**




પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ભાજપ શાસિત નગરપાલિકા હમણા હમણા એક પછી એક પછી એક વિવિધ કામો કે પછી થયેલ ખરીદીને લઈ ને ભ્રષ્ટ્રાચાર આચરેલ હોવાની બુમરાણ ઉઠવા પામી છે ત્યારે ૧૦ લાખ ની ખરીદી થયેલ લીટરબીન તથા હેડ કાર ની ખરીદમા ભ્રષ્ટ્રાચાર થયો હોવાની રાવ ઉઠવા પામી છે તો ખરીદી થયેલ લીટરબીન તથા હેડકાર ધુળ ખાઈ ને પડયા છે

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ ખરીદી થયેલ ૯,૨૩,૬૦૦ ના લીટરબીન નંગ-૧૦૦ કે જે ની એક નંગ-૯,૨૩૬ મા ખરીદી થઈ છે તથા હેડકાર નંગ-૧૫ જેની એક નંગ ૧૫ જેની ૧૦,૩૦૦ મા ખરીદી થઈ હોવાથી બજાર કિંમત કરતા ઉચા ભાવે ખરીદી થઈ હોવાની વાત હાલતો લોકમુખે ચર્ચાઓએ જોર પકડયુ છે અને આ ખરીદી કેટલાક અધિકારીઓ તથા કેટલાક પદાધિકારીઓ ની મીલી ભગતથી ઉચાભાવે ખરીદી થઈ હોવાના આક્ષેપ હાલતો થઈ રહ્યા છે તો બીજીતરફ છેલ્લા છ મહિના ઉપર ૧૦૦ જેટલા લીટરબીન તથા ૧૫ હેડકાર ની ખરીદી થઈ હોવા છતાંય ખાલી એપ્રોચરોડ ઉપર આઠ જેટલા લીટરબીન લગાવવામા આવ્યા છે ત્યારે બીજા લીટરબીન નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ના બગીચા મા અને સ્કુલ ના બીજા માળે લોબીમા ધુળ ખાય છે તો બગીચા મા પડેલ કેટલાક લીટરબીન પડયા પડયા કાટ પણ લાગવાનો ચાલુ થયો છે અને સ્કુલમા જગ્યા રોકે છે ત્યારે હાલતો નગરજનોમા લીટરબીન ને લઈ ને ચર્ચાઓએ જોર પકડયુ છે ત્યારે ખરેખર તપાસ થાય તો આ લીટરબીન અને હેડકાર ની સાચી હકીકત બહાર આવે તેમ છે ત્યારે હાલતો નગર પાલિકાના અધિકારીઓ તથા પદાધિકારીઓ સરકારી ગ્રાન્ટ નો દુર ઉપયોગ કરી સીધી ચાઉ કરી બીલો રજુ કરી નગરના લોકોને મુખ બનાવ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડયુ છે ત્યારે હવે જોવુએ રહ્યુ કે લીટરબીન અને હેડકાર ને લઈ ને તપાસ થશે કે કેમ કે પછી અગાઉ ની જેમ આમા પણ પડીકુ વાળીને મુકી દેવામા આવશે એ તો હવે જોવુ રહ્યુ

## ગુજરાત ગેસે સીએનજીના ભાવમાં હવે વધારો કર્યો

અમદાવાદ, તા.૧૩

દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ જનતાની કમરતોડી નાખી છે. પેટ્રોલ-ડીઝલ, સીએનસી, રસોઈ ગેસ સહિત ખાવા-પીવાની વસ્તુના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. તો ઉનાળો શરૂ થતાં લીંબુનો ભાવ પણ આસમાને પહોંચી ગયો છે. આ વચ્ચે ગુજરાત ગેસે સીએનજીની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં ૧૪ એપ્રિલે મધ્યરાત્રીથી ગુજરાત ગેસના સીએનજીના ભાવમાં વધારો થઈ જશે.

ગુજરાત ગેસે આજે એક અખબારી યાદીમાં સીએનજી ગેસના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ આપેલી માહિતી પ્રમાણે ૧૪ એપ્રિલે મધ્યરાત્રીથી સીએનજીના ભાવમાં ૨.૫૮ રૂપિયાનો વધારો થશે. આ ભાવ વધારા બાદ સીએનજી ગેસનો ભાવ ૭૯.૫૬ રૂપિયા થઈ જશે. મહત્વનું છે કે સીએનજી ગેસનો ભાવ ૭૬.૯૮ રૂપિયા હતા.

# સે-૨૩ સ્વામિનારયણ ગુરુકુલ શાળામાં ૧૧ હજાર વિદ્યાર્થીઓએ વંદે માતરમનુ સમુહગાન કર્યુ

**સમુહગાનથી દેશભકિતનો અદભુત નઝારો સર્જાયો : રામકૃષ્ણદાસજી સ્વામીએ રાષ્ટ્રની એકતાને મજબુત કરવાના ઉમદા આશય સાથે કાર્યક્રનુ આયોજન કર્યુ**





ગાંધીનગર તા ૧૩

માતૃભુમિની વંદના અને રાષ્ટ્રની એકતા અને અખંડીતતાને વધુ મજબુત બનાવાના ઉમદા આશય સાથે સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલમાં ૧૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ વંદે માતરમનુ સમુહગાન કર્યુ હતુ. આ દરમિયાન વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો અને અન્ય સ્ટાફના સભ્યો પણ જોડાયા હતા. આ કાર્યક્રમના આયોજનથી દેશભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. નાગરિકોમાં રાષ્ટ્ર ભાવના અને એકતા વધુ મજબુત બને ઉમદા ઉદેશ્ય સાથે રામકૃષ્ણ સ્વામીજીએ આ કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. માતૃભુમિની વંદના અને રાષ્ટ્રની એકતા અને અખંડીતતાને મજબુત બનાવવા દેશહીતના ઉમદા આશય સાથે રાષ્ટ્રવાદી સંગઠન સેલ્યુટ તિરંગા દ્વારા ભારતમાં સમયાંતરે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓનુ સમયાંતરે આયોજન કરવામાં આવતુ હોય છે. સેલ્યુટ તિરંગા દ્વારા તા ૧૧ એપ્રિલ થી ૧૭ એપ્રિલ દરમિયાન મિશન વંદે માતરમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે દેશ વિદેશમાં રહેતા ૨૫ લાખથી પણ વધુ ભારતીયો વંદે માતરમનુ ગાન કરશે. સે-૨૩ સ્વામિનારયણ ગુરુકુલમાં પણ સેલ્યુટ તિરંગા સંગઠનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રામરકૃષ્ણદાસ સ્વામીજીની પ્રેરણાથી મિશન વંદે માતરમ કાર્યક્રમ અન્વયે અંદાજિત ૧૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વંદે માતરમનુ ગાન કર્યુ હતુ. સમગ્ર વાતાવરણ દેશભકિતથી લબરેઝ બની ગયુ હતુ. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ દેશભકિતનો અનોખો જોમ જુસ્સો જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં ગુરુકુલ સંસ્થાના ડાયરેકટર ઉમંગ વસાણી તેમજ શાળાના આચાર્યો સુપરવાઈઝર, પ્રોફેસરો તથા શિક્ષકો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ડાયરેકટર ઉમંગ વસાણીએ જણાંવ્યા મુજબ દેશના તમામ વર્ગના નાગરિકોમાં રાષ્ટ્ર ભાવના વધુ મજબુત બને તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડતિતા મજબુત બને તેવા ઉદેશ્ય સાથે રામકૃષ્ણ સ્વામીજીએ આ કાર્યક્રમનુ આયોજન કર્યુ હોવાનુ પણ જણાંવ્યુ હતુ.

# આઈસીઆઈસીઆઈ બેંકે ગિફ્ટ સેઝ સાથે એમઓયુ કર્યા

**બંને કંપનીઓ ભારતીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસાયો વચ્ચે ગિફ્ટ સેઝને પ્રોત્સાહન આપવા સંયુક્તપણે કામ કરશે**

આઈસીઆઈસીઆઈ બેંક અને ગિફ્ટ સેઝે ભારતીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસાયોને ગિફ્ટ સેઝમાં પ્રોત્સાહન આપવા સમજૂતીકરાર (એમઓયુ) કર્યા છે. આ વ્યવસાયોમાં આઈટી/આઈટીઈએસ અને નાણાકીય સેવાઓ સામેલ છે. ગિફ્ટ સેઝ દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર (આઇએફએસસી) છે, જેને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવ્યું છે. ગિફ્ટ સેઝમાં પોતાના બેકિંગ વ્યવસાય સાથે આઈસીઆઈસીઆઈ બેંક વર્ષ ૨૦૧૬થી સંકળાયેલી અગ્રણી બેંકિંગ કંપની છે.

આજે યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમમાં એમઓયુ પર આઈસીઆઈસીઆઈ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વિશાખા મૂલ્યે અને ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રેએ હસ્તાક્ષર કર્યા હતા. ગિફ્ટ સેઝની પ્રમોટર ગિફ્ટ સિટી આયોજનબદ્ધ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ પ્રદાન કરે છે, જે વોક-ટૂ-વર્ક વિભાવના, અદ્યતન માળખાગત સુવિધાઓ, કરવેરાના ફાયદા, વિવિધ પ્રોત્સાહનો, એકીકૃત નિયમનકાર અને સ્પર્ધાત્મક નિયમનકારક માળખા સાથે નાણાકીય અને ટેકનોલોજી સેવાઓની સંપૂર્ણ વ્યવસ્થા પૂરી પાડે છે.આ એમઓયુ અંતર્ગત આઈસીઆઈસીઆઈ બેંક અને ગિફ્ટ સેઝ ગિફ્ટ સેઝમાં કામગીરી સ્થાપિત કરવા મૂડીબજાર કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને સંયુક્તપણે આકર્ષિત કરશે. ઉપરાંત બંને કંપનીઓ ભારતીય અને વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય ટ્રેડ ફાઈનાન્સનો લાભ લેવા માટે પસંદગીના સ્થાન તરીકે ગિફ્ટ સેઝને પ્રોત્સાહન આપશે. ગિફ્ટ સેઝ અને આઈસીઆઈસીઆઈ બેંકનો ઉદેશ ભારતના ફિનટેક કેન્દ્ર તરીકે ગિફ્ટ સેઝને વિકસાવવાનો છે અને બંને કંપનીઓ સ્ટાર્ટઅપ્સ અને ફિનટેક કંપનીઓને ટેકો આપવા સંકલિત પ્રયાસો કરશે. તેઓ વેલ્થ મેનેજમેન્ટના વ્યવસાય માટે એક કેન્દ્ર તરીકે ગિફ્ટ સેઝને પ્રોત્સાહન આપવા સંકલિત રીતે કામ કરશે.



## ધનસુરામાં ટેકાના ભાવે ૩૨૦ ખેડૂતો પાસેથી ૧૨,૨૬૮થી વધુ બોરીની ખરીદી કરાઇ

રાજ્ય માં ચણા ની ટેકા ના ભાવે ખરીદી કરાઈ રહી છે ત્યારે અરવલ્લી જિલ્લા માં પણ ચણા ની ટેકા ના ભાવે ખરીદી શરૂ છે જિલ્લા માં ધનસુરા, મોડાસા સહિત છ તાલુકાઓમાં ખરીદ કેન્દ્રો પર ટેકા ના ભાવે ખરીદી કરાઈ રહી છે જિલ્લા માં એક મણ ના ૧૦૪૬ ના ભાવે ખરીદી કરાઈ રહી છે જેમાં ખેડૂતો ને નંબર પ્રમાણે જાણ કરી ને બોલાવવા માં આવે છે અને તે મુજબ ખેડૂતો મોટી સંખ્યામાં ટેકા ના ભાવે ચણા વેચવા માટે આવી રહ્યા છે ધનસુરા એ.પી.એમ.સી ખાતે આવેલ ખરીદ કેન્દ્ર પર અત્યાર સુધીમાં ૩૨૦ ખેડૂતો પાસે થી ટેકા ના ભાવે ચણા ની ખરીદી કરાઈ છે ધનસુરા કેન્દ્ર પર અત્યાર સુધી કુલ ૧૨,૨૬૮ બોરી ચણા ની આવક નોંધાઈ છે ધનસુરા કેન્દ્ર પર કુલ ૬૧૩.૪૦ મેટ્રિક ટન ચણા ની ખરીદી કરાઈ છે અરવલ્લી જિલ્લામાં આ વખતે ખેડૂતો એ મોટા પ્રમાણ માં ચણા નું વાવેતર કર્યું હતું ત્યારે ટેકા ના ભાવ પ્રતિ મણ ના ૧૦૪૬ મળતાં ખેડૂતો ખુશ છે

## મહાવીર જયંતીની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને મહાવીર જયંતીના પર્વની શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કરૂણા અને અહિંસાના તત્વ ચિંતનને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી આત્મસાત કરાવ્યું છે. આપણે પણ કરૂણા, જીવદયા, અહિંસાના માર્ગે ચાલીને સમરસ, સૌહાર્દપૂર્ણ સમાજના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએ એમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાવીર જયંતીએ શુભકામના સંદેશ પાઠવતા ઉમેર્યુ છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૦ કેસ : ૬ લોકો સાજા થયા

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં કોરોના વાયરસ સંક્રમણના નવા ૧૦ કેસ સામે આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ ૬ લોકો સાજા થયા છે તો એકપણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૨ લોકોના મૃત્યુ થયા છે. તો કોરોનાની સારવાર બાદ ૧૨ લાખ ૧૩ હજાર ૧૮ લોકો સાજા થયા છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૨ લાખ ૨૪ હજાર ૧૧૬ કેસ નોંધાયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં ૬ કેસ સામે આવ્યા છે. તો વડોદરા શહેરમાં ૩ કેસ સામે આવ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ એક કેસ નોંધાયો છે. ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૫૬ છે. રાજ્યમાં એકપણ દર્દી વેન્ટીલેટર પર નથી. ગુજરાતનો રિકવરી રેટ ૯૯.૦૯ ટકા છે.

રાજયમાં ચાલી રહેલા કોરોના રસીકરણની વાત કરીએ તો આજે સાંજે પાંચ કલાક સુધીમાં કોરોના વેક્સીનના ૪૫ હજાર ૧૧૬ ડોઝ આપવામાં આવ્યા છે. આમ રાજ્યમાં અત્યાર સુધી કોરોના રસીના ૧૦ કરોડ ૬૬ લાખ ૧૮ હજાર ૭૮૮ ડોઝ આપવામાં આવ્યાં છે. જેમાં પ્રથમ અને બીજો ડોઝ સામેલ છે.

## ઉડાન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશ્યક સોફ્ટવેર સુધારાઓથી સંતુષ્ટ થયા બાદ ગત વર્ષે ઓગષ્ટ મહિનામાં એરક્રાફ્ટ પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો. ૨૭ મહિનાના સમયગાળા બાદ મેક્સપ્લેન પર લાગેલા પ્રતિબંધો દૂર કરવા મામલે ડીજીસીએની શરતોમાં સિમ્યુલેટર પર ઉચિત પાયલોટ ટ્રેઈનિંગનો પણ સમાવેશ થતો હતો. બુધવારે સ્પાઈસ જેટના પ્રવક્તાએ આ વાત કન્ફર્મ કરી હતી કે, ડીજીસીએએ એરલાઈનના ૯૦ પાયલોટ્સને મેક્સવિમાનની ઉડાન માટે પ્રતિબંધિત કર્યા છે.

સ્પાઈસ જેટપાસે બોઈંગ ૭૩૭ મેક્સના પ્રશિક્ષિત પાયલોટ્સની સંખ્યા ૬૫૦ છે. ડીજીસીએએ ૯૦ પાયલોટ્સની ટ્રેઈનિંગ પ્રોફાઈલ પર એક ઓબ્ઝર્વેશન કર્યું હતું. ત્યાર બાદ ડીજીસીએની સલાહ પ્રમાણે કંપનીએ ૯૦ પાયલોટ્સને મેક્સવિમાનના સંચાલન માટે પ્રતિબંધિત કર્યા હતા. જોકે તેઓ અન્ય બોઈંગ ૭૩૭ વિમાનો માટે ઉપલબ્ધ રહેશે અને મેક્સમાટે તેમણે ફરી ટ્રેઈનિંગ લેવી પડશે.

જોકે આ પ્રકારના પ્રતિબંધથી મેક્સવિમાનોનું ઓપરેશન પ્રભાવિત નહીં થાય. સ્પાઈસ જેટહાલ ૧૧ મેક્સવિમાનોનું સંચાલન કરે છે અને આ વિમાનોના સંચાલન માટે આશરે ૧૪૪ પાયલોટ્સની જરૂર છે. એરલાઈન્સ પાસે હાલ ૫૬૦ પ્રશિક્ષિત પાયલોટ્સ ઉપલબ્ધ છે જે જરૂરિયાત કરતાં ખૂબ વાધારે છે.

## ૨૦ ટકાની વૃદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૨૨માં દેશની નિકાસ વર્ષ અગાઉના સમયગાળાની તુલનામાં ૧૯.૭૬ ટકા વધીને ૪૨.૨૨ અબજ ડોલર થઈ હતી, એમ બુધવારે જાહેર કરાયેલ વાણિજ્ય મંત્રાલયના ડેટામાં જણાવ્યું છે. માર્ચ, ૨૦૨૧માં ભારતની નિકાસ ૩૫.૨૬ અબજ ડોલર હતી. ગત મહિને ભારતમાં આયાત ૨૪.૨૧ ટકા વધીને ૬૦.૭૪ અબજ ડોલર થઈ હતી. સમીક્ષા હેઠળના મહિનામાં વેપાર ખાધ માર્ચ,૨૦૨૧ના ૧૩.૬૪ અબજ ડોલરની સરખામણીએ વધીને ૧૮.૫૧ અબજ ડોલર થઈ ગઈ છે.

## કિસ્સા વિશેષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિ વચ્ચે સરકારી કે ખાનગી સંસ્થાને સરકારી આવાસ ફાળવવામાં આવ્યુ હોય તેનો ઉપયોગ અને ભાડાની રકમની ભરપાઈ સંબંધમાં સંસ્થાના જવાબદાર અધિકારીઓ જ બેદરકારી રાખતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેના લીધે શરતભંગના કિસ્સાઓ પણ વધુ બને છે. શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં હજુ પણ અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે હાલમાં પણ આ મામલે ઈવિકશન કોર્ટમાં વિશેષ કેસ પેન્ડીંગ છે.

## નેતાગીરી સફળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાના કાર્યકરોથી લઈ બધાજ પોત પોતાના વિચારો અને વાત રજુ કરી શકે છે.

ગઈકાલે તેમની સતત ઉપેક્ષા કરવામાં આવી રહી હોવાની વેદના સાથે પૂર્વ ધારાસભ્યએ કોંગ્રેસ છોડવાના સ્પષ્ટ સંકેત આપ્યા હતા. દરમ્યાન તેમની અને રાજ્ય ગૃહમંત્રી વચ્ચેની મુલાકાતને લઈ તેઓ ભાજપમાં જઈ રહ્યાની વાતો રાજકીય વર્તુળોમાં જોરશોરથી શરૂ થઈ હતી અને માહોલ ગરમાયો હતો.

આ પછી તુરત જ કોંગ્રેસની ડેમેજ કંટ્રોલની કામગીરીનો આરંભ થયો હતો. આ ડેમેજ કંટ્રોલની કામગીરીમાં જિલ્લા અને પ્રદેશ નેતાગીરી જોડાઈ હતી. ત્રણ કલાકથી વધુ સમય સુધી બેઠકોનો દોર ચાલ્યો હતો અને અંતે કામગીરીને રાત્રે ૮.૩૦ની આસપાસ સફળતા મળતાં નેતાગીરીએ હાશકારો અનુભવ્યો છે.

જો કે હવે તેઓની ચર્ચામાં કુલડીમાં શું ગોળ ભંગાયો તે વિશે કોઈજ વાત બોલવા કોઈ તૈયાર નથી પરંતુ કોંગ્રેસના એક મોભીએ વાત સ્વીકારી હતી કે ઘીના ઠામમાં ઘી પડી ગયુ છે હવે કોઈ જ મનદુઃખ નથી.